## સ્વાધ્યાય

### મૌખિક

૧. **વ્રજમાં કોણે ધૂમ મચાવી છે ?**

વ્રજમાં કાનુડાએ ધૂમ મચાવી છે.

૨. **જશોદાને કોણ ફરિયાદ કરે છે ?**

જશોદાને ગોપીઓ ફરિયાદ કરે છે.

૩. **કનૈયાએ શું ફોડી નાખ્યું છે ?**

કનૈયાએ મહી મથવાની ગોળી ફોડી નાખી.

### લિખિત

૧. ૧. **કાનુડો ગોપીઓનાં ઘરમાં કેવાં તોફાન કરે છે ?**

કાનુડાએ ગોપીઓના ઘરમાં શીકું તોડ્યું, ગોરસ ઢોળી નાંખ્યું, બારણાં ઉઘાડી નાંખ્યા, માખણ ખાઈને ઢોળી દીધું, માખણ કાઢવાની ગોળી ફોડી નાંખી છે.

૨. **ગોપીઓ જશોદામાને શી ફરિયાદ કરે છે ?**

ગોપીઓ ફરિયાદ કરે છે કે રોજ કેટલું સહન કરીએ. નગરમાં રહેતા મૂંઝવણ થાય છે.

૩. **કનૈયાનો પક્ષ લેતા જશોદામા ગોપીઓને શું કહે છે ?**

કનૈયાનો પક્ષ લેતાં જશોદામા કહે છે કે, મારો કાનજી ઘરમાં જ હતો. બહાર કોણે જોયું. મારા ઘરમાં દહી-દૂધ ભરેલાં પડ્યાં છે. પણ જરાય ચાખતો નથી. તમે બધી જૂઠ્ઠી છો.

૨. **કાવ્ય પંક્તિઓ પૂરી કરો.**

૩. કનૈયાનો પક્ષ લેતા જશોદામાં ગોપીઓને શું ...

૨. કાવ્ય પંક્તિઓ પૂરી કરો. (Complete the lines)

૧. શીકું તોડ્યું, ગોરસ ઢોળ્યું ઉઘાડીનું બાર રે !

૨. મહી મથવાની ગોળી ફોડી, આ શાં લાડ રે ! કહીએ

૩. નરસૈયાનાં સ્વામી સાચા, જૂઠી વ્રજની નાર રે !

MCQs
• inferen

૩. સાચો ઉત્તર શોધીને ✓ નું નિશાન કરો.

૧. ગોપીઓ કોની ફરિયાદ કરે છે ?

☐ બલરામની ☐ રાધાની ☑ કાનુડાની

૨. કાનુડાએ શેની મટકી ફોડી નાખી ?

☐ દહીંની ☐ દૂધની ☑ ગોરસની

૩. કોની જીત થાય છે ?

☐ ગોપીઓની ☑ કાનુડાની ☐ માતાની

મહત્વપૂર્ણ પ્રશ્ન ...

Value based ...

દૂધ - ગોરસ

૨. 'દૂધ' અને 'દહીં' માટે કવિતામાં બીજા કયા શબ્દો વપરાયા છે ? એ લખો. દહીં - મહી

૩. કવિતામાં વપરાયેલા શબ્દો 'વેરી નાખ્યું', 'વાર રે', ના અર્થ જુદા જુદા છે.

'વેરી' નો અર્થ થાય - 'વેરવું', ઢોળવું

બીજો અર્થ થાય 'વેરી' એટલે - દુશ્મન

એ મારો વેરી છે.

એ જ રીતે 'વાર' એટલે દિવસ અને વાર એટલે વારવું - રોકવું પણ થાય.

આવા શબ્દોને અનેક અર્થવાળા શબ્દો એટલે કે **અનેકાર્થી શબ્દો** કહેવાય.

જે એક શબ્દના અનેક - જુદાં-જુદાં અર્થ થાય તે અનેકાર્થી શબ્દો. નીચે કેટલાંક શબ્દો આપ્યા છે તેના જુદાં જુદાં અર્થ લખો.

| | | | |
|---|---|---|---|
| કર = કરવું | ...**હાથ**.... | હાર = પરાજય | ગળામાં પહેરવાનો હાર |
| અર્થ = મતલબ | સંપત્તિ | ગજ = હાથી | માપણી કરવાનો સળિયો - ગજ |
| સ્વર = અવાજ | અક્ષરોમાં સ્વર (અ, આ, ઇ, ઈ, ઉ.....) | | |

કતો



(Creative Activities)

## પાઠનો સાર

પોથી પંડિત એટલે પુસ્તક વાંચીને પંડિત બન્યા હોય એ, આ પાઠમાં પુસ્તકના જ્ઞાન સાથે વ્યવહારિક જ્ઞાન પણ હોવું જોઈએ એ સમજાવ્યું છે.

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

૧. **વીરુ અને શેરુ કેવા મિત્રો હતા ?**

વીરુ અને શેરુ લંગોટિયા મિત્રો હતા.

૨. **વીરુ ભણવા માટે ક્યાં ગયો ?**

વીરુ શહેરમાં ભણવા ગયો હતો.

૩. **શેરુના પિતા શું કરતા હતા ?**

શેરુના પિતા નાવિક હતા.

### લિખિત

૧. ૧. વીરુના પિતાએ શેરુને બોલાવીને શું કહ્યું ?

વીરુના પિતાએ શેરુને બોલાવીને કહ્યું કે, "આવતી કાલે તારો મિત્ર ભણીને પાછો આવે છે તો તું સામા કિનારેથી તેને નાવમાં બેસાડીને લઈ આવજે."

૨. **વીરુ મિત્રતા કેમ ભૂલી ગયો ? તેણે શેરુને શું કહ્યું ?**

વીરુને પોતાના ભણતરનું અભિમાન હતું તેથી તે મિત્રતા ભૂલી ગયો અને કહ્યું કે, "તું એવો જ રહી ગયો હું હોશિયાર બની ગયો."

૩. **નાવમાં પાણી ભરાતા શેરુએ વીરુને શું કહ્યું ?**

નાવમાં પાણી ભરાતાં શેરુએ વીરુને કહ્યું કે, "તારી પેટીમાં કોઈ મજબૂત વસ્તુ હોય તો આપ, તેનાથી આપણે નાવનું કાણું પૂરી દઈએ."

૪. **વીરુને શેનું અભિમાન હતું ?**

વીરુને પોતે કેટલું બધું ભણ્યો છે, પોતાને કેટલુ બધું આવડે છે તેનું અભિમાન હતું.

૫. **શેરુ પોતાની જાતને બચાવી શક્યો ? કેમ ?**

શેરુને તરતા આવડતું હતું તેથી તે તરતા તરતા બહાર નીકળી ગયો અને પોતાની જાતને બચાવી

૨. નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો અને ખોટાં હોય તો સુધારીને લખો.

(Say True and False, if false correct the sentences) (✓ અથવા ×)

૧. વીરુના પિતા એક નાવિક હતા. ×

૨. વીરુ અને શેરુ બંને શહેરમાં ભણવા ગયા. ×

૩. શેરુ નાવિક બન્યો અને વીરુ મોટો માણસ. ✓

૪. શેરુ નદીમાં ડૂબી ગયો. ×

૫. વીરુ તરીને બહાર નીકળી ગયો. ×

## મૂલ્યવર્ધક પ્રશ્ન. (Value based question)

૧. તમારા મિત્રનો કોઈ સારો - ખોટો પ્રસંગ વર્ગમાં સંભળાવો.

૨. તમને વીરુ અને શેરુમાંથી કોણ ગમ્યું ? કેમ ? તે જણાવો.

Value - hard work
- motivation

## ભાષાજ્ઞાન

૧. નીચે આપેલાં શબ્દોના **સમાન અર્થવાળા શબ્દો** આપેલાં ચોરસમાંથી શોધીને લખો. ઉદાહરણ આપ્યું છે.

૧. નદી - સરિતા ૨. શહેર - નગર

૩. મિત્ર - દોસ્ત ૪. અભિમાન - અહંકાર

૫. પુસ્તક - ચોપડી ૬. પિતા - જનક

૭. હોશિયાર - ચતુર ૮. કિનારો - ધાર

૯. નાવ - હોડી ૧૦. કિંમતી - અમૂલ્ય

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્ર | શો | ધ | ન | સ | ળ | જ |
| ચ | સુ | મ | ગ | રિ | કા | ના |
| સ્થિ | કિં | ન | ઠા | તા | બા | જ |
| જ | નુ | ગ | ર | વ | પુ | ચો |
| ન | મ | ર | દો | સ્ત | લ | પ |
| ક | અ | મૂ | લ્ય | પા | હો | ડી |
| વ | હં | શો | ચ | ટ | ગ | અ |
| સુ | કા | તુ | ત | ધા | ર | સ્ત |
| ધા | ર | ધ | હે | ઉ | દ | થ |

૨. નીચે આપેલાં વાક્યો વાંચો અને લીટી દોરેલાં શબ્દો એ શું સૂચવે છે ? તે જણાવો.

૧. વીરુ (અભિમાન) થી બોલ્યો. ભાવવાચક સંજ્ઞા

૨. વીરુ પોતાની (મિત્રતા)ભૂલી ગયો.

૩. મારામાં ઘણી (હોશિયારી) છે, તારામાં ((મૂર્ખતા)).

ઉપર લીટી દોરેલાં શબ્દો છે એ કોઈને કોઈ ભાવનું સૂચન કરે છે. જે શબ્દો સંજ્ઞાના ભાવનું સૂચન કરે તેને **ભાવવાચક સંજ્ઞા** કહેવાય.

અન્ય ઉદાહરણ -

હાસ્ય, પ્રેમ, ક્રોધ, ગુસ્સો, આશ્ચર્ય, નવાઈ વગેરે ભાવ છે.

૩. નીચે આપેલાં વાક્યોમાંથી **ભાવવાચક સંજ્ઞા** શોધો.

૧. માએ બાળકને શાંતિથી અને પ્રેમથી સમજાવ્યો.

૨. પક્ષીઓને જોતાં જ તે ઉત્સાહમાં આવી ગયો.

૩. મિત્રને પોતાના ઘેર આવેલો જોઈ તે આનંદમાં આવી ગયો.

૪. ફેરિયો મનમાં ને મનમાં ખુશ થતો ચાલ્યો ગયો.

૫. મારું પરિણામ જોઈને મારા પપ્પાને સંતોષ થયો.

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)